सत्यमेव जयते

GJAM010010582022

આંક–૪૩

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૧૫–૧૦–૨૦૨૨ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૫–૧૦–૨૦૨૨ |
| નિકાલ કર્યા તારીખ | ૧૩–૦૫–૨૦૨૪ |
| સ મ ય ગા ળો | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૬ ૨૮ |

**મે.અમરેલી જિલ્લાના સ્પેશ્યલ જજ(ઈલેક્ટ્રીસીટી)સાહેબની અદાલત સમક્ષ, મું.અમરેલી.**

**જજમેન્ટ તારીખઃ– ૧૩–૦૫–૨૦૨૪**

**સ્પે. ઈલેક્ટ્રીક કેસ નં.૫૯/૨૦૨૨**

**જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે.અમરેલી**

**ગુના રજીસ્ટર નં. સેકન્ડ – ૨૪૦/૨૦૧૯**

**ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫(૧) બી મુજબ**

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી એમ.આર.ત્રિવેદી |
| આરોપી | **વનરાજભાઈ કુકાભાઈ વઢેલ,**<br>ઉ.વ.૪૬, ધંધો – વેપાર,<br>રહે.નારણગઢ, તા.લાઠી, જી.અમરેલી. |
| આરોપી તરફે | વિ.ધારાશાસ્ત્રીશ્રી એચ.એચ.સેજુ |

સ્પેશ્યલ જજ(ઈલે.)
અમરેલી.

Sessions Court, Amreli

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૪–૦૨–૨૦૧૯ |
| એફ.આઈ.આર. ની તારીખ | ૧૨–૦૨–૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | ૩૦–૦૫–૨૦૨૨ |
| ચાર્જ ફ્રેમ કર્યાની તારીખ | ૦૪–૦૭–૨૦૨૩ |
| પુરાવો લીધા તારીખ | ૧૯–૦૮–૨૦૨૩ |
| જજમેન્ટ માટે મુક્યા તારીખ | ૦૧–૦૫–૨૦૨૪ |
| જજમેન્ટની તારીખ | ૧૩–૦૫–૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | –– |

આરોપીની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વનરાજભાઈ કુકાભાઈ વઢેલ | ૦૧/૦૩ / ૨૦૨૨ | ૦૧/૦૩ / ૨૦૨૨ | ધી ઈન્ડીયન ઈલેકટ્રીકસીટી એકટની કલમ ૧૩૫(૧) બી મુજબ | છુટી ગયા | –– | NIL |

## –:: <u>જ જ મે ન્ટ</u> :: –

(૧) આ કામે આરોપી સામે મારા પુરોગામી વિદ્વાન સ્પે.જજ (ઈલે.) અને સત્ર ન્યાયાધીશશ્રી દ્વારા આંક–૦૬ થી ધી ઈન્ડીયન ઈલેકટ્રીકસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ (૧) બી મુજબના ગુન્હા સંબંધે તહોમતનામું ફરમાવી તેમની સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

સ્પેશ્યલ જજ(ઈલે.)
અમરેલી.

Sessions Court, Amreli

(૨) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત નીચે મુજબ છેઃ–**

ફરીયાદ પક્ષના કેસની હકીકત પ્રમાણે તારીખ ૧૨–૦૨–૨૦૧૯ ના રોજ જીતેન્દ્રગીરી નરશીગીરી ગોસ્વામી, ધંધો–નોકરી, નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી, દામનગરનાઓએ બનાવની ફરીયાદ આપેલ છે. ફરિયાદીની ફરિયાદ હકીકત મુજબ ગઈ તારીખ ૧૨ –૦૮–૨૦૧૬ ના રોજ કલાક ૧૭:૪૫ વાગ્યે નારણગઢ, તા.લાઠી, જી.અમરેલી મુકામે આરોપી વનરાજભાઈ કુકાભાઈ વઢેલ વીજ કંપનીના ગ્રાહક હોવા છતાં વાણીજય હેતુ પોતાના કિશાન ઈન્ડસ્ટ્રીઝમાં વીજ મીટરમાં ગેરકાયદસર ચેડા કરી તા.૧૧/૦૨/૨૦૧૯ ના લેબ રીપોર્ટ મુજબ એસ.એમ.સી. સીલ ટેમ્પર કરી મીટરના સીટીપીટીના વાયરીંગ સાથે છેડછાડ કરી, મીટરનો અંદરનો વીજ વપરાશ નોંધાવો જોઈએ તે નોંધાય નહીં અને ઓછો નોંધાય તેવી કાયમી વ્યવસ્થા કરી, ગેરકાયદેસર વીજ વપરાશ કરતા તા.૦૪/૦૨/૨૦૧૯ ના રોજ વીજ ચેકીંગ દરમ્યાન ચેકીંગશીટમાં દર્શાવ્યા મુજબ ૯૯ હો. પા. જોડી કિંમત રૂા.૧૬,૬૬,૧૮૪–૩૪ પૈસા અને કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂા.૮,૧૪,૦૦૦/– મળી કુલ રૂા.૨૪,૮૦,૧૮૪–૩૪ પૈસાની વીજ ચોરી કરી વિજ ચેકીંગ દરમ્યાન પકડાઈ ગયેલ હોઈ ફરીયાદીએ હાલની ફરીયાદ આપેલ છે.

➢ ફરિયાદીની ફરિયાદના આધારે હાલના આરોપી વિરૂદ્ધ **જી.યુ.વી.એન.એલ. અમરેલી પો.સ્ટે. સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૨૪૦/૨૦૧૯ થી ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫(૧)બી** મુજબનો ગુનો નોંધાયેલ છે.



Sessions Court, Amreli

(૩) આ કામે ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લઈ ગુનાની તપાસ પી.એસ.ઓ. એ જી.યુ.વી.એન.એલ., પોલીસ સ્ટેશન અમરેલીના પી.એસ.આઈ.શ્રી નાઓને સોંપતાં તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ છે તેમજ તપાસના અંતે જરૂરી પુરાવો મળતાં આરોપી વિરૂધ્ધ ક્રિ. પ્રો.કોડની કલમ ૧૭૩(૨)મુજબ રીપોર્ટ એટલે કે ચાર્જશીટ અમરેલીના વિ. સ્પેશ્યલ જજ (ઈલેકટ્રીક) શ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવતાં ગુનાનું કોગ્નિઝન્સ લીધેલ છે અને કેસ રજીસ્ટરે લેવા હુકમ કરતાં તેને **સ્પે. ઈલે. કેસ નં. ૫૯ /૨૦૨૨** આપવામાં આવેલ છે અને આરોપી જામીન ઉપર મુકત હોય તેઓને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૪) આ કેસમાં ફરિયાદપક્ષ તરફે **વિ. એ.પી.પી.શ્રી એમ.આર.ત્રિવેદી** હાજર થયેલ છે. જયારે આરોપીને સમન્સ બજી જતાં તેઓના કાનુની બચાવ કરવા સારૂ તેઓએ ખાનગી **વિ.ધા.શ્રી એચ.એચ.સેજુને** રોકેલ હોય તેઓએ આરોપીનો કાનુની બચાવ કરેલ છે.

(૫) આ કામે મારા પુરોગામી વિદ્વાન ન્યાયાધીશશ્રીએ **આંક–૦૬** થી આરોપી વિરૂધ્ધ ગુનાનું તહોમતનામું ફરમાવેલું છે અને **આંક–૦૭ થી** આરોપીની પ્લી નોંધેલ છે.જે તહોમતનામું આરોપીને વાંચી સંભળાવતાં, સમજાવતાં આરોપીએ તહોમતનામાનો ઈન્કાર કરેલ છે અને ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે, જેથી આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

સ્પેશ્યલ જજ(ઈલે.)
અમરેલી.

Sessions Court, Amreli

(૬) ફરિયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધના આક્ષેપ મુજબનું તહોમતનામું પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો:</u>**

| સાહેદ નંબર | સાહેદનું નામ | આંક | પુરાવાની વિગત |
|---|---|---|---|
| ૧ | જીતેન્દ્રગીરી નરશીગીરી ગોસ્વામી | ૦૮ | સાહેદ(ફરીયાદી) |
| ૨ | હિરેનભાઈ જગનભાઈ પટેલ | ૨૧ | સાહેદ |
| ૩ | મુકેશભાઈ બબાભાઈ પરમાર | ૨૨ | સાહેદ |
| ૪ | પ્રશાંતભાઈ મનનભાઈ ઉપાધ્યાય | ૨૪ | સાહેદ |
| ૫ | ગોબરભાઈ દેવશીભાઈ લુણી | ૨૬ | પંચસાહેદ |
| ૬ | મનજીભાઈ જાદવભાઈ વઢેલ | ૩૦ | પંચસાહેદ |
| ૭ | પ્રવિણભાઈ હરજીભાઈ દામાણી | ૩૧ | સાહેદ |
| ૮ | મુંઝાલ જયંતભાઈ જોષી | ૩૩ | સાહેદ |
| ૯ | દિનેશભાઈ રમસુરભાઈ ડામોર | ૩૪ | સાહેદ |
| ૧૦ | મીતલબેન પુનાભાઈ નીનામા | ૩૬ | સાહેદ |
| ૧૧ | જાહીદભાઈ નિસારભાઈ રાધનપુરી | ૩૭ | સાહેદ |
| ૧૨ | પ્રદિપકુમાર મહેન્દ્રભાઈ ખાચર | ૪૦ | ત.ક.અ. |

- આરોપી પક્ષે બચાવના કોઈપણ સાહેદ તપાસેલ નથી.
- કોર્ટ વિટનેશ તપાસવામાં આવેલા નથી.
- ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>દસ્તાવેજી પુરાવો:</u>**

| ક્રમ | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | સ્થળ પરનું રોજકામ |

સ્પેશ્યલ જજ(ઈલે.)
અમરેલી.

Sessions Court, Amreli

| | | |
|---|---|---|
| ૨ | ૧૦ | સંયુકત મીટર તપાસણી અહેવાલ |
| ૩ | ૧૧ | વિજ ચોરીની ફરીયાદ |
| ૪ | ૧૨ | એનેક્ષર–૧૨ |
| ૫ | ૧૩ | વીજ વપરાશ બીલ |
| ૬ | ૧૪ | કેલ્કયુલેશન શીટ |
| ૭ | ૧૫ | રીડીંગ્સ |
| ૮ | ૧૬ | મીટર સાથે ચેડા કરેલ વાયરીંગના ફોટોગ્રાફ |
| ૯ | ૧૭ | ગ્રાહકનું કબુલાતનામું |
| ૧૦ | ૧૮ | વિજ જોડાણ તપાસણી અહેવાલ |
| ૧૧ | ૧૯ | સ્થળ રોજકામ |
| ૧૨ | ૨૦ | સાદુ પેપર સીલ |
| ૧૩ | ૨૭ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામું |
| ૧૪ | ૪૧ | ડેપ્યુટ હુકમ |

➢ મટીરીયલ ઓબ્જેકટસ

| ક્રમ | મટેરીયલ ઓબ્જેકટસ | વર્ણન |
|---|---|---|
| | **NIL** | |

(૭) ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થઈ જતાં ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ જણાવેલ છે કે, "અમોએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. અમારી સામે ખોટી ફરીયાદ કરી ખોટો પુરાવો ઉભો કરી ખોટી રીતે અટક કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે. અમો તદન નિર્દોષ છીએ તો રહેમ, દયા રાખવા અરજ છે.'' આમ એવું જણાઈ આવે છે કે, આરોપીનો ટોટલ ડીનાયલનો ડીફેન્સ રહેલો છે.

સ્પેશ્યલ જજ(ઈલે.)
અમરેલી.

Sessions Court, Amreli

(૮) આ કામે બંને પક્ષની દલીલો માનપુર્વક સાંભળવામાં આવેલ છે.

**(અ)** આ કામે **ફરિયાદપક્ષ** તરફે **વિ.એ.પી.પી.શ્રી એમ.આર.ત્રિવેદી નાઓએ** દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ પોતાના કિશાન ઈન્ડસ્ટ્રીઝમાં વીજ મીટરમાં ગેરકાયદેસર ચેડા કરી લેબ રીપોર્ટ મુજબ એસ.એમ.સી. સીલ ટેમ્પર કરી મીરટના સીટીપીટીના વાયરીંગ સાથે છેડછાડ કરી, મીટરનો અંદરનો વીજ વપરાશ નોંધાવો જોઈએ તો તે નોંધાય નહીં અને ઓછો નોંધાય તેવી કાયમી વ્યવસ્થા કરી, ચેકીંગશીટમાં દર્શાવ્યા મુજબ ૯૯ હો.પા. જોડી કિંમત રૂા.૧૬,૬૬,૧૮૪–૩૪ પૈસા અને કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂા.૮,૧૪,૦૦૦/– મળી કુલ રૂા.૨૪,૮૦,૧૮૪–૩૪ પૈસાની વિજચોરી કરેલ છે. ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે રેડીંગ સ્ટાફના માણસોને તથા ફરીયાદી તથા પંચોને અને પોલીસ સાહેદને તપાસેલ છે. આમ, આ કામે ફરીયાદપક્ષ તરફથી જુદા જુદા સાહેદોને તપાસેલ છે તે તમામ પુરાવાને ઘ્યાને લેવામાં આવે તો ફરિયાદપક્ષ આ કામના આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ હોય આરોપીને તેની સામેના ગુનામાં દોષીત ઠરાવી યોગ્ય સજા કરવા વિનંતી કરેલ છે.

(બ) જયારે **આરોપી તરફે વિ.ધા.શ્રી એચ.એચ.સેજુનાઓએ** દલીલ કરતાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો ઘ્યાને લેવામાં આવે તો બનાવ તારીખ ૦૪–૦૨–૨૦૧૯ નારોજ બનેલાનું જણાવે છે, જયારે તેની ફરિયાદ તારીખ ૧૨–૦૨–૨૦૧૯ નારોજ આપવામાં આવેલ છે અને લેઈટ ફરિયાદ બાબતે કોઈ ખુલાસો કરેલ નથી. ગુનાવાળી જગ્યાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. ગુનાવાળી



Sessions Court, Amreli

જગ્યાએથી કઈ કંપની અને કયા કલરના વાયર કબજે કરેલા તે હકીકત રેકર્ડ ઉપર આવતી નથી તેમજ વિજ ચકાસણી કરેલ મકાનની માલીકી સંબંધે કોઈ ખરાઈ કરેલ નથી. તપાસ કરનાર અધિકારીએ સ્વતંત્ર સાહેદોના જવાબો લીધેલા નથી. બનાવ પાછળથી ઉભો કરાયેલ છે. આમ, તમામ સંજોગોને લક્ષમાં લેતાં ફરીયાદપક્ષ આરોપી સામે ફરમાવેલ તહોમતનામા સંબંધેનો ગુનો પુરવાર કરી શકેલ નહોઈ આરોપીને તે ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૯) આ કામે બંને પક્ષે થયેલ રજુઆતો તેમજ લેખીત તથા મૌખિક પુરાવાને ધ્યાને લેતાં કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણયો માટે ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તારીખ ૧૨ -૦૮ -૨૦૧૬ ના રોજ કલાક ૧૭:૪૫ વાગ્યે નારણગઢ, તા.લાઠી, જી.અમરેલી મુકામે આરોપી વનરાજભાઈ કુકાભાઈ વઢેલ વીજ કંપનીના ગ્રાહક હોવા છતાં વાણીજ્ય હેતુ પોતાના કિશાન ઈન્ડસ્ટ્રીઝમાં વીજ મીટરમાં ગેરકાયદસર ચેડા કરી તા.૧૧/૦૨/૨૦૧૯ ના લેબ રીપોર્ટ મુજબ એસ.એમ.સી. સીલ ટેમ્પર કરી મીટરના સીટીપીટીના વાયરીંગ સાથે છેડછાડ કરી, મીટરનો અંદરનો વીજ વપરાશ નોંધાવો જોઈએ તે નોંધાય નહીં અને ઓછો નોંધાય તેવી કાયમી વ્યવસ્થા કરી, ગેરકાયદેસર વીજ વપરાશ કરતા તા.૦૪/૦૨/૨૦૧૯ ના રોજ વીજ ચેકીંગ દરમ્યાન ચેકીંગ



Sessions Court, Amreli

શીટમાં દર્શાવ્યા મુજબ ૯૯ હો. પા. જોડી કિંમત રૂા.૧૬,૬૬, ૧૮૪–૩૪ પૈસા અને કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂા.૮,૧૪,૦૦૦/– મળી કુલ રૂા.૨૪,૮૦,૧૮૪–૩૪ પૈસાની વીજ ચોરી કરી વિજ ચેકીંગ દરમ્યાન પકડાઈ જઈ ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫(૧)બી મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

(૨) શું હુકમ ?

(૧૦) આ કામે રજુ થયેલ તમામ દસ્તાવેજો તથા તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાની તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**<u>–: નિ ર્ણ યો :–</u>**

(૧) મુદ્દા નં. ૧ **નકારાત્મક**

(૨) મદ્દા નં.૨ **આખરી હુકમ મુજબ**

(૧૧) ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

**<u>–: કા ર ણો :–</u>**

**<u>મુદ્દા નં. ૧</u>.**

(૧૨) સદર કામે ફરીયાદ પક્ષે રેડીંગ સ્ટાફના અધિકારીઓનો પુરાવો, પંચ સાહેદોનો પુરાવો, પોલીસ અધિકારીઓનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ તારીખ ૦૪–૦૨–૨૦૧૯ ના રોજ બનેલ



Sessions Court, Amreli

છે, જેની ફરિયાદ તારીખ ૧૨–૦૨–૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ છે તે ધ્યાને લેતાં આશરે આઠેક દિવસ બાદ મોડી ફરિયાદ આપવામાં આવેલાનું જણાઈ આવે છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી સામે આક્ષેપાયેલ **ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫(૧)બી** ની જોગવાઈ જોવામાં આવે તો,

*" વીજળી કરન્ટના ચોકકસ અને યોગ્ય રજીસ્ટ્રેશન, પાવર અથવા મીટર સાથે દખલગીરી થાય તેવા મીટર સાથે ચેડા કરે, ચેડા થયેલ મીટર રીવર્સિંગ ટ્રાન્સફોર્મર, લુપ કનેકશન અથવા બીજા કોઈપણ યુકિત (ડીવાઈસ) નાંખે અથવા વાપરે અથવા અન્યથા એવી રીતે પરિણમે કે જેના દ્વારા વીજળીની ચોરી થાય અથવા બગાડ થાય" તેવું જણાવેલ છે.*

- ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી સામે ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫(૧)બી મુજબનો ગુનો નોંધાયેલ છે, જેથી આરોપીએ મીટર સાથે ચેડા કરી વિજ ચોરી કરેલ હોવાની હકીકત પુરવાર થવી જોઈએ.

(૧૩) આ સંદર્ભે ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરિયાદપક્ષે મહત્વના સાહેદ **ફરિયાદી જીતેન્દ્રગીરી નરશીગીરી ગોસ્વામીને સાહેદ નં.૧ તરીકે આંક–૦૮ થી** તપાસવામાં આવેલ છે. આ સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૦૪/૦૨/૨૦૧૯ નાં રોજ દામનગર પી.જી.વી.સી.એલ. પેટા વિભાગમાં ના.ઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે નારણગઢ કિસાન ઓઈલ ઈન્ડસ્ટ્રીયલ કે.ઓ. વનરાજભાઈ કુકાભાઈ વઢેર રહે.મેમદાને ત્યાં



Sessions Court, Amreli

ચેકીંગ અધિકારીશ્રી એચ.જે.પટેલ, પી.એમ.ઉપાઘ્યાય જુ.ઈ. અમરેલી સર્કલ ઓફીસના તથા એમ.બી.પરમાર લાઈનમેન તથા પી.એલ.દામાણી ઈલે. આસી. અમરેલી સર્કલ ઓફીસનાએ જેઓ કંપનીના એલ.ટી.એમ.ડી. ઈન્ડસ્ટ્રીયલ ગ્રાહકને ત્યાં વીજ મીટરનુ ચેકીંગ કરવા જતા તેઓના મીટરમાં એસ.એમ.સી. સીલ(પેટી) નુ તુટેલુ જણાઈ આવતા ત્યા સ્થળ ઉપર મીટરનુ ચેકીંગ કરતા સદરહુ મીટર – ૮૦.૫૬ ટકા સ્લો ફરતુ હોય તેવુ જણાતા અમે સ્થળ ઉપર મીટરના ચેકીંગ સમયે મીટરના ડીસ્પ્લેમાં એક ફેઝ ઓપન આવતો હોય તેમજ એક કરન્ટ મીસીંગ આવતો હોય તેના અનુસંધાને ચેકીંગ અધિકારીઓ દ્વારા ચેકીંગશીટ ગ્રાહકની હાજરીમાં ભરવામાં આવેલ હોય જેનો એ.એમ.આર./૧૦૦૫૭ તેમજ સ્થળ પરનુ રોજકામ તથા ફોટોગ્રાફી તથા પેરામીટર સીટ તથા સાદુ પેપર સીલ એસ.એમ.સી. મીટર પર પેપર લગાવી તે બાબતનુ રીપોર્ટીંગ કરતા તેઓએ તે જ તારીખે સ્થળ ઉપર જઈને તેઓ તથા તેમની સાથેના સ્ટાફો સ્થળ પર જઈ મીટરનુ રોજકામ કરી વઘુ મીટરનુ લેબ પરીક્ષણ કરવા માટે ગ્રાહકની હાજરીમાં પેપર પેક કરી કબજે લીધેલ. તે અંગેનુ રોજકામ તેઓએ તથા તેમની સાથેના એમ.જે. જોષી તથા એચ.કે.પંડયા લાઈનમેન તથા ડી.આર.ડામોર ઈલે. આસી. તથા ગ્રાહકની હાજરીમા રોજકામ કરી તેઓએ તેમની રુબરુ રોજકામમાં સહી કરેલી અને મીટર સીલ પેક કબજે કરેલો. જે રોજકામ આ કામે **આંક–૦૯** થી રજુ થયેલ છે. સદર મીટર તેઓ ભાવનગર મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં લઈ જતા પહેલા ગ્રાહકને લેબોરેટરીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલી અને તા.૧૧/૦૨/૨૦૧૯ ના રોજ ગ્રાહક તથા તેઓની હાજરીમાં લેબોરેટરીના અધિકારીની હાજરીમાં સંયુકત મીટર ચકાસણી અહેવાલ

સ્પેશ્યલ જજ(ઈલે.)
અમરેલી.

Sessions Court, Amreli

તૈયાર કરવામાં આવેલો. જે ચકાસણી અહેવાલ આ કામે **આંક–૧૦** થી રજુ થયેલ છે જે લેબ પરીક્ષણના અહેવાલના દરેક પાનાની નીચે તથા અહેવાલ પુરો થયેલ તેમની તથા ડે.ઈ. લે. ભાવનગર તથા સીટીલેબ ભાવનગર તથા ગ્રાહકની સહી છે. તે અહેવાલની નકલ ગ્રાહક મળ્યા બાબતની સહી લીધેલી છે. જે અહેવાલ મુજબ તેને મીટર પેટીનુ શીલને શીલવાયર ટેમ્પર કરેલું અને પેટી ખોલેલુ જોતા ટી.સી. ઉપરના બન્ને શીલ વાયર ટેમ્પર કરવામાં આવેલ અને મીટરના ટર્મીનલ બ્લોકમાં આવતા પી.ટી.ના જોડાણોમાં વાય ફેઝના પી.ટી. ઉપરનો ભાગ વાયરથી કાપીને ઈન્સ્યોલેશન ટર્મીનલ બ્લોકમાં અપાયેલ હોય તેમજ કરન્ટ કોઈલમાની બી ફેઝની સીટીનો બ્લેક છેડો કાપી ને ઈન્સ્યોલેશન ટર્મીનલ બ્લોકમાં અપાયેલ હોય જેથી મીટરને એક ફેઝ તેમજ કરન્ટ મળતો ન હોય મીટરનુ રેકોર્ડીગ અતીશય ધીમુ પાડેલ હોય લેબોરેટરીમાં મીટરના એમ.આર.આઈ. ડેટા લેતા ઉપરોકત મીટરની અંદર તા.૨૧/૧૧/૧૮થી ઉપરોકત ટેમ્પરીંગ ચાલુ થયેલ હોય જે બાબત લેબમાં ચોખ્ખી સાબીત થયેલ હતી. જેથી આ મીટરને ટેમ્પરીંગ કરી ૮૦.૫૬ ટકા સ્લો કરવામાં આવેલ હતુ તે બાબત લેબ પરીક્ષણ દરમીયાન સાબીત થયેલ હતી. જેથી તેઓએ સાધનીક દસ્તાવેજી પુરાવાનો અભ્યાસ કરી આ અંગેની વિતગવારની ફરીયાદ તૈયાર કરી તેઓએ પી.આઈ. શ્રી જી.યુ.વી.એન.એલ. પો. સ્ટે. અમરેલીનાઓને મોકલી આપેલી. આંક–૧૧ વાળી ફરીયાદમાં તેઓ પુરાવા દરમ્યાન તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં તેઓ આંક–૧૨ વાળા એનેક્ષર–૧૨, આંક–૧૩ વાળા વિજ વપરાશ બીલ તથા આંક–૧૪ વાળા કેલ્કયુલેશન શીટમાં તેઓની સહી ઓળખી બતાવે છે. વધુમાં આંક–૧૫ વાળા



Sessions Court, Amreli

ભાવનગર લેબોરેટરીમાં મીટર ચકાસણી દરમ્યાન મળી આવેલ એમ.આર.આઈ. ડેટા, આંક–૧૬ વાળા મીટર સાથે ચેડા કરેલ વાયરીંગના ફોટોગ્રાફ રજુ કરેલ છે તેમજ આંક–૧૭ વાળા ગ્રાહકના કબુલાતનામામાં તેમની તથા ગ્રાહકની સહી ઓળખી બતાવે છે. વધુમાં આંક–૧૮ વાળા વીજ જોડાણ તપાસણી અહેવાલ, આંક–૧૯ વાળા સ્થળ પરના રોજકામ તથા આંક–૨૦ વાળા સાદા પેપર સીલ જે તમામ દસ્તાવેજો ચેકીંગ સ્કવોડના સભ્યો ધ્વારા તેમને સોંપવામાં આવેલ હતા તેમાં ચેકીંગ અધિકારીઓની સહી છે જે ઓળખી બતાવે છે.

(૧૩.૧) આમ, આ સાહેદ કે જે પોતે ફરિયાદી છે તેમનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં તેઓ તથા તેમની સાથેનાં ચેકીંગ અધિકારીઓ આરોપીને ત્યાં વીજ મીટરનું ચેકીંગ કરવા ગયેલ હોવાનું જણાવેલ હોવાનું જણાય આવે છે. પરંતુ સદર ફરીયાદી સાહેદે તેમની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ ચેકીંગ સમયે હાજર હતા, સાહેદ ખુલાસો કરતા જણાવે છે કે, ચેકીંગમાં ગેરરીતી જણાતા મીટર બદલવા તેઓ પાછળથી તે જ દિવસે ગયેલા. વધુમાં સાહેદ ફરીયાદી તકરારી મીટર તપાસ અધિકારીને સોપેલ ન હોવાનું કબુલ રાખે છે. આમ, ફરીયાદી સાહેદના પુરાવામાં આવી મહત્વની હકીકત સંબંધે વિરોધાભાસ જણાઈ આવે છે. વધુમાં આ સાહેદ ફરીયાદીએ તેઓને ફરિયાદ આપવાનો અધિકાર હોય તે અંગે કોઈ અધિકારપત્ર પણ રજુ કરેલ નથી, જેથી આ સાહેદના પુરાવાને ધ્યાને લેતાં ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉભી થાય છે.

સ્પેશ્યલ જજ(ઈલે.)
અમરેલી.

Sessions Court, Amreli

(૧૪) આ સંદર્ભે ફરિયાદપક્ષે રજુ થયેલ અન્ય પુરાવો જોવામાં આવે તો સાહેદ **હિરેનભાઈ જગનભાઈ પટેલ (સાહેદ નં.૨, આંક–૨૧)** ને તથા સાહેદ **મુકેશભાઈ બબાભાઈ પરમાર (સાહેદ નં.૩, આંક–૨૨)** ને તથા સાહેદ **પ્રશાંતભાઈ મનનભાઈ ઉપાધ્યાય (સાહેદ નં.૪, આંક–૨૪)** ને તથા સાહેદ **પ્રવિણભાઈ હરજીભાઈ દામાણી (સાહેદ નં.૭, આંક–૩૧)** ને તપાસવામાં આવેલ છે. આ સાહેદોના પુરાવા મુજબ તેઓ ફરીયાદી વીજ કંપનીના કર્મચારીઓ છે અને લાઠી તાલુકાના નારણગઢ ગામે તેઓ તથા તેમની સાથે ચેકીંગ સ્કવોર્ડના સભ્યો નારણગઢમાં કિસાન ઓઈલ ઈન્ડસ્ટ્રીયલ કે/ઓ. વનરાજભાઈ કુકાભાઈ વઢેર રહે. મેમદાને ત્યાં જેઓ કંપનીના એલ.ટી.એમ.ડી. ઈન્ડસ્ટ્રીયલ ગ્રાહકની ત્યા વીજ મીટરનું ચેકીંગ કરવા જતા તેઓના મીટરમાં એસ.એમ.સી. સીલ (પેટી)નું તુટેલ જણાઈ આવતાં ત્યાં સ્થળ ઉપર મીટરનું ચેકીંગ કરતા સદરહુ મીટર –૮૦.૫૬ ટકા સ્લો ફરતુ હોય તેવુ જણાતાં તેઓ સ્થળ ઉપર મીટરના ચેકીંગ સમયે મીટરના ડીસ્પેલેમાં એક ફેઝ ઓપન આવતો હોય તેમજ એક કરન્ટ મીસીંગ આવતો હોય તેના અનુસંધાને ચેકીંગ અધિકારીઓ દવારા ચેકીંગસીટ ગ્રાહકની હાજરીમાં ભરવામાં આવેલ હોય જેનો એ.એમ.આર./૧૦૦૫૭ તેમજ સ્થળ પરનુ રોજકામ તથા ફોટોગ્રાફી તથા પેરામીટર સીટ તથા સાદુ પેપર સીલ એસ.એમ.સી. મીટર પર પેપર લગાવી તે બાબતનું રીર્પોટીંગ કરી ના.ઈ.શ્રી દામનગર જે.એન.ગોસ્વામીનાઓને જાણ કરેલી જેથી તેઓ પણ સ્થળ ઉપર આવેલા અને તેની સાથેના સ્ટાફ સ્થળ પર આવી મીટરનું રોજકામ કરી વધુ મીટરનું લેબ પરીક્ષણ કરવા માટે ગ્રાહકની હાજરીમાં પેપર પેક કરી કબજે લીધેલ. વધુમાં જણાવેલ છે કે, તેમને આંક – ૦૯ વાળુ સ્થળ પરનુ રોજકામ બતાવવામાં આવે છે. જેમા તેમની તથા ચેકીંગ



Sessions Court, Amreli

સ્કવોર્ડના સભ્યોની સહી છે આ રોજકામ તેઓએ મીટર ધીમુ ફરતુ હોય તે બાબતે સ્થળ ઉપર મીટર પેપર પેક કરી શીલ કરી મીટર કબજે કરેલ તે બાબતનું છે . તેમને આંક – ૧૭ વાળુ ગ્રાહકનુ કબુલાતનામુ બતાવવામાં આવે છે. જેમા ગ્રાહકની તથા મારી અને ચેકીંગ સ્કવોર્ડના સભ્યોની સહી છે. તેમને આંક –૧૮ વાળુ વીજ જોડાણ તપાસણી અહેવાલ, આંક – ૧૯ વાળુ સ્થળ પરનુ રોજકામ, આંક – ૨૧ વાળુ સાદુ પેપર શીલ બતાવવામાં આવે છે. જે તમામ દસ્તાવેજો તેઓ ચેકીંગ સ્કવોર્ડના સભ્યો દવારા તૈયાર કરેલ તેમાં તેઓ તથા ચેકીંગ સ્કવોર્ડ સભ્યોની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

(૧૫) વધુમાં આ કામે સાહેદ **મુંઝાલ જયંતભાઈ જોષી (સાહેદ નં.૮, આંક–૩૩)** ને તથા સાહેદ **દિનેશભાઈ રમસુરભાઈ ડામોર (સાહેદ નં.૯, આંક–૩૪)** ને તથા સાહેદ **મીતલબેન પુનાભાઈ નીનામા (સાહેદ નં.૧૦, આંક–૩૬)** ને તથા સાહેદ **જાહીદભાઈ નિસારભાઈ રાધનપુરી (સાહેદ નં.૧૧, આંક–૩૭)** ને તપાસવામાં આવેલ છે. તેઓ પણ ફરીયાદી વીજ કંપનીના કર્મચારીઓ છે અને તેઓએ પણ ઉપરોકત સાહેદોના જણાવ્યા મુજબ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી હકીકત તેમના પુરાવામાં જણાવેલ છે.

(૧૫.૧) બચાવપક્ષની ઉલટતપાસમાં આ સાહેદ મિતલબેન નિનામા તથા જાહીદભાઈ રાધનપુરી જણાવે છે કે, એ વાત તેઓ કહી શકે નહી કે આ મીટર ઉતારેલુ ત્યારે તેના સીલ અકબંધ હતા કે કેમ. આ સાહેદો કબુલ રાખે

સ્પેશ્યલ જજ(ઈલે.)
અમરેલી.

Sessions Court, Amreli

છે કે, મીટર સ્થળ ઉપરથી ઉતાર્યા બાદ તેને કઈ સ્થિતિમાં રાખેલ તે તેઓ કહી શકે નહી.

(૧૫.૨) આમ, આ કામે ઉપરોકત સાહેદોના પુરાવાને એકીસાથે મુલવવામાં આવે તો ઉપરોકત ફરીયાદી તેમજ સાહેદોએ તેમના પુરાવામાં તેમની સરતપાસ તેમજ ઉલટતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી હકીકત જણાવેલ છે. પરંતુ ઉપરોકત સાહેદો એ વીજ કંપનીના કર્મચારીઓ છે અને જેઓ આ કામે રસ ધરાવનાર સાહેદો છે. પરંતુ સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. આમ, સદર કામે ફરીયાદપક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી.

(૧૬) ફરિયાદપક્ષે બનાવવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ છે જેના બે પંચોનો પુરાવો ધ્યાને લેતાં **ગોબરભાઈ દેવશીભાઈ લુણી (સાહેદ નં.૫, આંક–૨૬)** ને તથા **મનજીભાઈ જાદવભાઈ વઢેલ (સાહેદ નં.૬, આંક –૩૦)** નાઓને તપાસવામાં આવેલ છે. આ પંચોએ આંક–૨૭ ના ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને કોઈપણ રીતે સમર્થન આપેલ નહોઈ તેમને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ વિ. એડી. પી. પી.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ ઉલટતપાસ દરમ્યાન પણ કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આ કામે આંક–૨૭ નું પંચનામું જોવામાં આવે તો તે તારીખ ૨૩–૧૧–૨૦૨૦ નારોજ કરવામાં આવેલ છે તે જોતાં રેડીંગ અધિકારીએ જે રેઈડ કરી ત્યારે જે પંચોને સાથે રાખી પંચનામું કરવું જોઈએ તે કરેલ



Sessions Court, Amreli

નથી પરંતુ માત્ર તપાસણી અહેવાલ એટલે કે રોજકામ કરેલ હોવાનું તેમના કેસની હકીકત જોતાં જણાઈ આવે છે. વધુમાં આ કામે કહેવાતું વિજચેકીંગ તારીખ ૦૪–૦૨–૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ છે અને તે અંગેનો ગુનો તારીખ ૧૨–૦૨–૨૦૧૯ ના રોજ નોંધાયેલ છે પરંતુ તે મોડી ફરિયાદ અંગે કોઈ ખુલાસો ફરિયાદપક્ષે રજુ થયેલ નથી.

(૧૭) આ કામે ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૨ તરીકે આંક– ૪૦ થી પ્રદિપકુમાર મહેન્દ્રભાઈ ખાચર** કે જે તપાસ કરનાર અમલદાર છે તેમને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૨–૦૨–૨૦૧૯ માં ઈ.ચા.પી.આઈ.તરીકે અમરેલી જી.યુ.વી.એન.એલ.પો.સ્ટે. માં ફરજ બજાવતા હતા તે દરમ્યાન સે.ગુ.ર.નં.૨૪૦/૨૦૧૯ ની તપાસ પી.એસ.ઓ.એમ.એસ.ભુતૈયા તરફથી ડેપ્યુટ હુકમ સાથે મળતા ફરફીયાદ તથા દસ્તાવેજી કાગળોનો અભ્યાસ કરી લાગતા વળગતા સાહેદો તથા પંચોના નિવેદનો લઈ આરોપીને અટક કરી જામીન મુકત કરેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ. વધુમાં આ સાહેદ આંક–૪૧ વાળા ડેપ્યુટ હુકમમાં પી.એસ.ઓ.ની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદ આંક–૯ થી ૨૦ સુધીના દસ્તાવેજો તેઓને તપાસના કામે મળેલા તે હોવાનું જણાવી ઓળખી બતાવે છે, તેમજ આંક–૨૭ વાળા બનાવવાળી જગ્યાના પંચનામાને ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદ આરોપીને જોચે ઓળખતા હોવાનું જણાવે છે.

Sessions Court, Amreli

સ્પેશ્યલ જજ(ઈલે.)
અમરેલી.

(૧૭.૧) બચાવપક્ષની ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, કહેવાતી વિજચોરીનો મુદ્દામાલ વાયર કે મીટર તેઓએ આ કામે કબજે કરેલ નથી કે ફરીયાદીએ તેઓ સમક્ષ રજુ કરેલ નથી, કહેવાતા વિજચોરી વાળા મકાનની આજુબાજુમાં બીજા રહેણાંકના મકાનો આવેલા હતા અને તેમાં લોકો રહેતા હતા.

(૧૭.૨) આમ, આ કામે પોલીસ સાહેદનો પુરાવો નજર સમક્ષ રાખવામાં આવે તો આંક–૩૦ ના પોલીસ સાહેદ ત.ક.અ. પ્રદિપકુમાર ખાચરે તપાસને લગતી કામગીરી કરેલ છે અને બનાવના સંદર્ભમાં આ સાહેદ કોઈ અંગત જ્ઞાન ધરાવતા નથી. તેઓએ માત્ર તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લેવાની કામગીરી કરેલ છે અને તેઓએ બનાવ સ્થળે કોઈ પાવર ચોરી થતી હોવાનું કે હાલના આરોપી પાવર ચોરી કરતા હોવાનું જોયેલ નથી. તેઓએ બનાવમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી તેમજ બનાવવાળુ સ્થળ રહેણાંક વિસ્તાર હોવાથી સ્વતંત્ર સાક્ષી મળી શકે તેવી શકયતા હોવાછતાં આજુબાજુના કોઈ રહેણાંકવાળા વ્યકિતઓના નિવેદન લીધેલ નથી. જેથી આ પોલીસ સાહેદનો પુરાવો પણ આરોપી વિરૂઘ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં કોઈ જ રીતે મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૧૮) ફરિયાદપક્ષના કેસ મુજબ કોઈ મુદ્ધામાલ પોલીસ સ્ટેશને જમા કરાવેલ હોય અને કોર્ટમાં રજુ થયેલ હોય તેવું બનવા પામેલ નથી. વધુમાં કોઈ સ્વતંત્ર સાક્ષીની હાજરીમાં કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી, જેથી ખરેખર વિજ ચેકીંગની રેઈડ દરમ્યાનની કાર્યવાહીમાં



Sessions Court, Amreli

આરોપીને ત્યા કિસાન ઈન્ડસ્ટ્રીઝમાં શું સ્થિતી હતી એટલે કે આરોપીએ મીટર સાથે ચેડા કરેલ કે કેમ? તે હકીકત શંકાસ્પદ બની જાય છે.

(૧૯) ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ તારીખ ૦૪–૦૨–૨૦૧૯ નારોજ બનેલ છે જેની ફરિયાદ તારીખ ૧૨–૦૨–૨૦૧૯ નારોજ આપવામાં આવેલાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આ અંગે કાયદાકીય જોગવાઈ જોવામાં આવે તો ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ ફરિયાદ પાવર ડીસ–કનેકટ કર્યાના ૨૪ કલાકમાં હકુમત ધરાવતા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવી તે આદેશાત્મક જોગવાઈ છે, જે નીચે મુજબ છે.

"*SEC.135(1)(1–a):– Provided further that such officer of the licensee or supplier, as the case may be, shall lodge a complaint in writing relating to the commission of such offence in police station having jurisdiction within twenty–four hours from the time of such disconnection.*"

➢ આમ, આ કામે ઉપરોકત કાયદાની આદેશાત્મક જોગવાઈને ધ્યાને લેતાં, જયારે પણ વિજ ચેકીંગની કાર્યવાહી જે કોઈની સામે કરવામાં આવે અને ચેકીંગ દરમ્યાન કોઈ બિનઅધિકૃતતા જણાઈ આવે અને પાવર ચોરી અંગેની કાર્યવાહી કરવામાં આવે ત્યારે તે વિજ કનેકશન ડીસ–કનેકટ કર્યાના ૨૪(ચોવીસ) કલાકમાં હકુમત ધરાવતા સંબંધીત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવી એ ફરજીયાત છે, તે આદેશાત્મક જોગવાઈનું આ કિસ્સામાં પાલન કરવામાં આવેલ નથી. એટલે મહત્વના મુદ્દે આ કેસમાં ફરિયાદપક્ષ દ્વારા કાયદામાં પ્રસ્થાપિત થયેલ આદેશાત્મક



Sessions Court, Amreli

જોગવાઈનું પાલન કરવામાં આવેલ ન હોવાનું સ્પષ્ટ રીતે ફલિત થતું હોય ફરિયાદપક્ષના કેસ ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે.

(૨૦) વધુમાં ફરીયાદ ફરીયાદીએ દાખલ કરાવેલ છે તે ફરીયાદ ઈલેક્ટ્રીકસીટી એકટ તથા રૂલ્સ–૧૨ પ્રમાણે ઓથોરાઈઝડ વ્યકિતએ દાખલ કરાવેલ હોય તેવું પણ જણાતું નથી, કારણ કે ફરીયાદીને ફરીયાદ દાખલ કરવા માટે ઓથોરાઈઝડ કરેલ હોય તેવો કોઈ પુરાવો પણ રજુ થયેલ નથી. ઈલેક્ટ્રીકસીટી એકટ તથા રૂલ્સ–૧૨ ને જોવામાં આવે તો તેમાં ઓથોરાઈઝડ પર્સનને જ ફરીયાદ દાખલ કરવા માટે સત્તા આપવામાં આવેલ છે. આ તબકકે ઈલેક્ટ્રીકસીટી એકટની કલમ ૧૫૧ જોઈએ તો, ગુનાનું કોગ્નીઝન્સ લેવા બાબતઃ–

*" કોઈપણ કોર્ટ, આ હેતુ માટે યોગ્ય સરકારે અથવા યોગ્ય કમિશન અથવા તેમણે અધિકૃત કરે તેમની કોઈપણ અધિકારીએ અથવા ચીફ ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેક્ટર અથવા ઈલેક્ટ્રીક ઈન્સ્પેક્ટર, લાઈસન્સદારે અથવા યથાપ્રયોગ જનરેટીંગ કંપનીએ લેખીતમાં કરેલી ફરિયાદ ઉપરથી હોય તે સિવાય આ અધિનીયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકશે નહી"* તેવું તેમાં ઠરાવેલ છે અને ત્યારબાદ તેમાં સને ૨૦૦૭ ના અધિનિયમ–૨૬ ની કલમ–૧૫ થી આ પરંતુકો તારીખ ૧૫–૦૬–૨૦૦૭ થી દાખલ કરેલ છે જે મુજબ,

*" પરંતુ જોગવાઈ કરવામાં આવી છે કે અદાલત સને ૧૯૭૩ ના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૭૩ હેઠળ દાખલ કરવામાં આવેલ પોલીસ અધિકારીની અહેવાલ પર આ કાયદા હેઠળ શિક્ષાપાત્ર ગુનાની*

સ્પેશ્યલ જજ(ઈલે.)
અમરેલી.

*નોંધ પણ લઈ શકશે. વધુમાં જોગવાઈ કરવામાં આવી છે કે, કલમ-૧૫૩ હેઠળ રચવામાં આવેલી ખાસ અદાલત માટે કેસ આરોપીને કમીટ કર્યા સિવાય ગુનાની નોંધ લેવા સક્ષમ રહેશે."*

➢ એટલે કે જે કોગ્નીઝન્સ લેવાની બાબત છે તે ઓથોરાઈઝ પર્સન દ્વારા ફરીયાદ દાખલ કરાવેલ હોય તો જ કોગ્નીઝન્સ લઈ શકે તેવી તેમાં જોગવાઈ કરવામાં આવેલ છે, પરંતુ આ કામે ફરીયાદીને ફરીયાદ આપવા માટે ઓથોરાઈઝ કરવામાં આવેલ હોય તેવો પણ કોઈ પુરાવો રજુ થયેલ નથી તેમજ ફરીયાદી પોતે ઓથોરાઈઝ પર્સન હતા તે હકીકત પણ ફરીયાદપક્ષે પુરવાર કરેલ નથી. જેથી ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ઘ્યાને લેતાં ફરિયાદપક્ષનો કેસ શંકાના દાયરામાં આવી જાય છે. વધુમાં બનાવવાળી જગ્યાની માલિકી હાલના આરોપીની હોવા બાબતનો કોઈ પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી.

➢ વધુમાં ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો ઘ્યાને લેતાં બનાવ સ્થળની આજુબાજુના સાહેદોને તપાસી તેવા સાહેદોનું સમર્થન મેળવેલ નથી.

(૨૧) ફોજદારી ન્યાયના સિઘ્ધાંત મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવો પડે. માત્ર શંકાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.**નામ.સુપ્રિમ કોર્ટે** ***૨૦૦૪- જી.એલ.એચ. એલ.ઈ.- સુપ્રિમકોર્ટ -૭૩૦૨ દસારી શીવા પ્રસાદ રેડ્ડી વિરૂઘ્ઘ પબ્લીક પ્રોસીકયુટર*** ના ચુકાદામાં નિર્ણિત કરેલ છે કે, શંકા ગમે તેવી



Sessions Court, Amreli

મજબુત હોય તો પણ તેના ઉપરથી સજા થઈ શકે નહી અને "may be true " અને "must be true" વચ્ચેનો તફાવત છે. તે સંજોગોમાં ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષ **મુદ્દા નં. ૧** ની હકીકત પુરવાર કરી શકેલ ન હોય તેનો નિર્ણય **નકારમાં** આપી **મુદ્દા નં. ૨** પરત્વે આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવાનો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ :: –

- ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૩૫(૧) અન્વયે આરોપી વનરાજભાઈ કુકાભાઈ વઢેલનાઓને તેમની સામે નોંધાયેલ જી. યુ. વી. એન. એલ. અમરેલી પો.સ્ટે. સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૪૫૩/૨૦૨૦ થી ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ ૧૩૫(૧)બી મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાંથી **શંકાનો લાભ** આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપી જામીન ઉપર હોય તેમના જામીન તથા જામીનખત રદ કરવામાં આવે છે.

- આરોપીએ ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૭ (એ) મુજબ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર) પુરાના જામીન આપવા.

સ્પેશ્યલ જજ(ઈલે.)
અમરેલી.

Sessions Court, Amreli

- સદર કેસમાં આંકે ન પડયા હોય તેવા પોલીસ પેપર્સ, જી . યુ. વી. એન. એલ. અમરેલી પોલીસ સ્ટેશનને ક્રિમીનલ મેન્યુઅલ પેરા ૩૪૯(૧) અન્વયે પરત આપવા હુકમ કરવામાં આવે છે.

- જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખ **૧૩ મી માહે મે, સને ૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલત મધ્યે વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યા.

સ્થળ : અમરેલી.
તારીખ : ૧૩–૦૫–૨૦૨૪

**(રીઝવાના બુખારી)**
**સ્પેશ્યલ જજ(ઈલેક્ટ્રીકસીટી)**
**અને સેશન્સ જજ, અમરેલી.**
Judge Code - GJ00916

Sessions Court, Amreli